# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 04-07-2024** **Midday : 2.30 to 2.35**

**Day : Thursday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

---

-------------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# SAPURNTA ABHIYAN

નીતિ આયોગે આજથી ત્રણ મહિનાના સંપૂર્ણતા અભિયાનનો પ્રારંભ કર્યો છે. આ ઝુંબેશ અંતર્ગત નક્કી કરાયેલા મહત્વકાંક્ષી જિલ્લાઓ અને વિસ્તારોમાં છ મુખ્ય સૂચકાંક હાંસલ કરવાનો લક્ષ્યાંક છે. આ સૂચકાંકોમાં આરોગ્ય, પોષણ, કૃષિ, શિક્ષણ અને રોજગાર સમેલ છે. 30 ઑક્ટોબર સુધી ચાલનારા અભિયાન અંતર્ગત 112 જિલ્લાઓ તેમજ 500 બ્લૉકમાં વિવિધ કાર્યક્રમો હાથ ધરાશે.

ઝુંબેશ અંતર્ગત નીતિ આયોગ કેટલાક કાર્યોની યાદી જિલ્લાઓ અને બ્લૉકમાં ઉપલબ્ધ કરાવશે, જેને જે – તે જિલ્લામાં અમલી બનાવાશે. આ ઉપરાંત ઝુંબેશને ઝડપી બનાવવા તેમજ લોકભાગીદારીને પ્રોત્સાહન આપવા માટે નિયમિત રૂપે લોક સંપર્કનું આયોજન કરાશે.

# GUJ. SAPURNTA ABHIYAN

સંપૂર્ણતા અભિયાન અંતર્ગત મહત્વકાંક્ષી 300 તાલુકાઓમાં રાજ્યના 13 તાલુકાઓ સમાવિષ્ટ છે. સુરેન્દ્રનગર જિલ્લાના સાયલા તાલુકાનો તેમાં સમાવેશ કરાયો છે. જે અંતર્ગત દંડક જગદીશ મકવાણાની ઉપસ્થિતીમાં આ અભિયાનનો પ્રારંભ કરાયો હતો. જેમાં આરોગ્ય, શિક્ષણ, કૃષિ, સામાજિક વિકાસ સંદર્ભેના કાર્યક્રમો યોજાશે. આ ઉપરાંત સાયલામાં વિવિધ સંપૂર્ણતા અભિયાન સભા, સંપૂર્ણતા મેળો, મેરેથોન દોડ સહિતના જન જાગૃતિના કાર્યક્રમો યોજાશે.

છોટા ઉદેપુરના કવાંટ અને નસવાડી તાલુકાનો સંપૂર્ણતા અભિયાન અંતર્ગત સમાવેશ કરાયો છે. જેને પગલે વિવિધ કાર્યક્રમોનો અહીં વિધિવત પ્રારંભ કરાયો છે. કાર્યક્રમ અંતર્ગત જિલ્લાની લીંડા મોડેલ સ્કૂલ ખાતે સખી મંડળની બહેનોને ૧૫ લાખ રૂપિયાનો ચેક આપવામાં આવ્યો. ઉપરાંત શિક્ષણ, આરોગ્ય, અને સ્વાવલંબન સંદર્ભેના કાર્યો પર ભાર મૂકવામાં આવ્યો.

**તો ડાંગનું સુબીર પણ સંપૂર્ણતા અભિયાન અંતર્ગત સામાવિષ્ટ છે. સુબીર મામલતદાર કચેરી ખાતે ડાંગના કલેક્ટરની અધ્યક્ષતામાં કાર્યક્રમનો વિધિવત પ્રારંભ કરાવ્યો. આ પ્રસંગે વાત કરતા કલેક્ટર મહેશ પટેલે નિર્ધારિત 6 સૂચકાંકોની પૂર્તિ માટે સહિયારા પ્રયાસોની આવશ્યકતા પર ભાર મૂક્યો હતો.**

# BOTAD- BJP KAROBARI

ગુજરાત ભાજપ પ્રદેશની કારોબારી બેઠક બોટાદ જિલ્લાના સાળંગપુર મંદિર ખાતે આજથી શરૂ થશે, જેમાં ૧ હજાર ૨૨૫થી વધુ આગેવાનો ઉપસ્થિત રહેશે. જેમાં મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ, ગુજરાત પ્રદેશ અધ્યક્ષ સી. આર. પાટીલ તેમજ રાજ્ય સરકારનાં મંત્રીઓ, પ્રદેશના તમામ આગેવાનો, જિલ્લા પ્રમુખો, મહામંત્રી ઉપરાંત કેન્દ્રીય મંત્રી તેમજ સાંસદ સભ્યો સહિતના આગેવાનો ઉપસ્થિત રહેશે. આવતીકાલે મુખ્યમંત્રી અને પ્રદેશ અધ્યક્ષ કાર્યકર્તાઓને સંબોધન કરશે.

# AHMEDABAD0 RATH YATRA

ભગવાન જગન્નાથજીની 147મી રથયાત્રાને લઈને અમદાવાદ શહેર પોલીસ દ્વારા તમામ તૈયારીઓને આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે. આજે અમદાવાદ શહેર પોલીસ કમિશનર જી.એસ. મલિકે જમાલપુરના જગન્નાથ મંદિરે પોલીસ બંદોબસ્તની વ્યવસ્થાનું નિરીક્ષણ કરતા અધિકારીઓ પાસેથી માહિતી મેળવી હતી. ત્યારબાદ રથયાત્રાના રૂટ પર ફ્લેગ માર્ચ કરી સરસપુર જવા રવાના થયા હતા.

અમદાવાદના અમારા પ્રતિનિધિ કરણ પરમાર જણાવે છે કે, રથયાત્રાને પગલે અમદાવાદ પોલીસે આજે એક જાહેરનામુ બહાર પાડ્યું છે. જે પ્રમાણે સાત જુલાઈના રોજ જગન્નાથ મંદિર સહિત રથયાત્રા જે રૂટ પરથી પસાર થવાની છે, તેવા માર્ગમાં આવતા 20થી વધુ સ્થળોને નો પાર્કિંગ ઝોન જાહેર

કરાયા છે. રાજ્યમાં અમદાવાદ બાદ ભાવનગરમાં બીજી સૌથી મોટી રથયાત્રા નિકળશે. ત્યારે ભાવનગર પોલીસે પણ આજે રથયાત્રાના રૂટ પર સુરક્ષા વ્યવસ્થાનું નિરીક્ષણ કર્યું હતું.

# RAGHVJI PATEL- SOMS

મહાત્મા મંદિર ગાંધીનગર ખાતે કૃષિમંત્રી રાઘવજી પટેલે સોલ્યુબલ ફર્ટીલાઇઝર ઇન્ડસ્ટ્રીઝ એસોસિયેશન અને ઇન્ફીનિટી એક્સ્પો દ્વારા આયોજિત “SOMS એક્ઝીબીશન અને કોન્ફરન્સ”નો આજે શુભારંભ કરાવ્યો હતો. આ પ્રસંગે તેમણે વિવિધ સ્ટોલની મુલાકાત લઇ દ્રાવ્ય ખાતર, રાસાયણિક ખાતર, સૂક્ષ્મ પોષક અને ઉત્તેજકના વપરાશ અને તેના ફાયદા અંગે ઝીણવટપૂર્વક માહિતી મેળવી હતી.

કોઇપણ પાકને સામાન્ય રીતે ૧૬ પ્રકારના પોષક તત્વોની જરૂરિયાત હોય છે, જેમાંથી પ્રમુખ પોષક ખાતર સરકાર તરફથી સબસીડી સાથે ખેડૂતોને પૂરતી માત્રામાં ઉપલબ્ધ કરાવવામાં આવે છે. તેમ છતાં, કેટલાક પાકોમાં સૂક્ષ્મ તત્વોની કમી રહી જાય છે. સૂક્ષ્મ તત્વ રહિત આવા પાક આહારમાં લેવામાં આવે છે, જે માનવ સ્વાસ્થ્ય માટે ખૂબ જ હાનિકારક છે. કૃષિમંત્રીએ જણાવ્યું હતું કે, પાકમાં સૂક્ષ્મ તત્વોની રહેલી આ ખપતને પૂર્ણ કરવામાં SOMS મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.

આ અંગે દરેક ખેડૂતોને જાગૃત કરવા તેમણે સૌને અનુરોધ કર્યો હતો.

# GUJ. RAIN

રાજ્યના તમામ તાલુકાઓમાં સાર્વત્રિક વરસાદ થયો હોવાના અહેવાલ છે. સૌથી વધુ વરસાદ બનાસકાંઠાના દાંતામાં આઠ ઇંચથી વધુ થયો છે જ્યારે નર્મદાના તિલકવાડા અને બનાસકાંઠાના વડગામમાં અઢી ઇંચથી વધુ જ્યારે

પાલનપુર અને નાંદોદમાં બે ઇંચ જેટલો વરસાદ થયો છે. આ સાથે અન્ય તાલુકાઓમાં સામાન્ય વરસાદ થયો હોવાના અહેવાલ છે.

દરમિયાન, ઉપરવાસમાંથી સતત પાણીની આવકને કારણે દક્ષિણ ગુજરાતની જીવાદોરી સમાન ઉકાઈ ડેમની સપાટીમાં વધારો થઇ રહ્યો છે.

# GUJ. SUJLAM SUFLAM YOJNA

સુજલામ સુફલામ જળ અભિયાન હેઠળના સાતમા તબક્કામાં રાજ્યમાં પાણીની સંગ્રહ ક્ષમતા વધીને 11 હજાર 523 લાખ ઘનફૂટ થઇ છે.

રાજ્ય સરકારની આ વિશિષ્ટ પહેલમાં જળ સંસાધન, જળ વિતરણ, વન અને પર્યાવરણ, શહેરી વિકાસ અને મહાનગરપાલિકા, નર્મદા નિગમ, શિક્ષણ વિભાગ અને પંચાયત તેમજ ગ્રામીણ વિકાસ જેવા વિભાગોના સમન્વયની સાથે સાથે મોટી સંખ્યામાં જનભાગીદારી પણ જોવા મળી છે.

સુજલામ સુફલામ જળ અભિયાનના સાતમા તબક્કા હેઠળ થયેલા કાર્યોની વિગતવાર જાણકારી આપતા જળ સંસાધન વિભાગના સચિવ બી કે રાબડિયાએ જણાવ્યું કે, આ અભિયાન હેઠળ આ વર્ષે 9 હજાર 374 કામો કરવામાં આવ્યા છે. આ દરમિયાન 7 લાખ 23 હજાર માનવ રોજગારીનું સર્જન પણ થયું છે.

ઉલ્લેખનીય છે કે, રાજ્યના આ ભગીરથ પ્રયાસનો વ્યાપક ઉદ્દેશ રાજ્યના શુષ્ક પરિદ્રષ્યને બદલવાનો છે. આ વ્યાપક અભિયાન ભૂગર્ભ જળના સ્તરને વધારવા, જળાશયોની સફાઈ કરવા અને પરંપરાગત જળ સંસાધનોને પુનર્જીવિત કરવા પર કેન્દ્રિત છે..